

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*તમરાંની તકરારમાં છે સૂનકારનો શોર,*
*દેડકાંના ડ્રાંઉરી ડખામાં સૂનકારનો શોર,*
*મોરની કેકાના ગુપ્ત ટહુકે સૂનકારનો શોર*
*નિરવ શાંતિની શીત લ્હેરમાં શૂનકારનો શોર...*
*(મેઘલી રાતનો શોર)*

હાઈકુ

*સંઘર્ષ પછી*
*ડૂસકે સૂનકાર -*
*ધ્રૂજારી સાથે...*

*સૂનકારમાં*
*સ્નેહીના વિરહમાં*
*રડે એકાંત...*

### ચિંતન

*કૃતસ્ય કરણં નાસ્તિ મૃતસ્ય મરણં તથા ।*
*ગતસ્ય શોચન હ્યેતદ્વેદવિદાં મતમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**એક વાર પૂર્ણ કરેલા કામને ફરી વાર કરવાનું હોતું નથી. એક વાર મરણ પામેલાને ફરી મરવાનું હોતું નથી અને એવી રીતે ગયેલી વસ્તુ માટે શોક કરવાનું યોગ્ય હોતું નથી. આ વેદવિદ્ પંડિતોનો મત છે.**

**માણસે પોતાને કરવાનું કામ શ્રેષ્ઠ રીતે પહેલીવારમાં જ કરવું જોઈએ. વેઠથી કરેલું કામ એમાં કેટલાંય લોકો સૂચન-વધારા-ઘટાડા સૂચવે તો કામ વધારે બગડે પોતાની રીતે પોતાને ગમતું - ઉત્તમ રીતે કરેલું કામ જ શ્રેષ્ઠ છે.**

**એક વખત મરેલું - બીજીવાર નથી મરતું. જે થઈ ગયું હોય તેનો શોક ન કરાય. જે થયું તે થયું...**

### સુવિચાર

- સુખ મોટે ભાગે એવા દરવાજામાંથી ડોકીયું કરે છે, જે તમે ખોલીને ભૂલી ગયા છો - **સંત ઓગસ્ટિન**
- જયારે શબ્દ બોલાય ત્યારે તે જિવાયેલો શબ્દ હોવો જોઈએ, જીવનવલ્લી પર ખીલેલું પુષ્પ હોય તેમ - **વિમલા ઠાકર**
- તમે દરવાજા પર લખી દો કે અંદર ડોકિયું કરવાની મનાઈ છે પછી કોઈ માણસ એવો નહીં હોય કે જે ડોકિયું કર્યા વિના પસાર થાય - **રજનીશ**
- તપથી શરીર અને ઈન્દ્રિયોની અશુદ્ધિ ક્ષીણ થવાથી દેહની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે - **પતંજલિ**
- 'ક્ષમા' જે મૂળે 'ક્ષમ' પરથી આવેલ શબ્દ છે, અને ક્ષમ એટલે સામર્થ્ય, અર્થાત જે 'શક્તિમાન છે તે ક્ષમાવાન છે' - **મહાપ્રજ્ઞ**
- અહિંસા આપણને ઉત્તમકક્ષાની નીતિમત્તા તરફ દોરી જાય છે અને એ જ બધી ઉત્ક્રાંતિનું ધ્યેય છે - **થોમસ આલ્વા એડિસન**
- આજનું ઔષધ : પગના ગોટલા ચઢી ગયા હોય તો કોપરેલ તેલ ગરમ કરી માલિશ કરવાથી તરત આરામ થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

હિન્દી ભાષાના પ્રસિદ્ધ કરવી ભારતેન્દુ હરિશચંદ્રના જીવન પ્રારંભનો એક તબક્કો એવો હતો કે ગરીબાઈનો પાર નહીં, કવિ પાસે વાચકોના પત્રોના જવાબ આપવા માટે ટપાલ ટિકીટના પૈસા પણ નહોતા. વાચકોને લખેલો જવાબની ટપાલ હોય કે પોતે લખેલી કવિતા હોય, ટેબલ પર દિવસો સુધી પડી રહે કેમ કે ટપાલ ટિકિટ ખરીદવાની પણ સગવડ ન હોય.

એવામાં એમના નિકટના મિત્ર એમને મળવા આવ્યા. ટેબલ પર પડેલા કાવ્યો અને પત્રો જોયા. તરત જ પોસ્ટ ઑફિસેથી ટપાલ ટિકીટો લાવી બધા જ પત્રો અને કાવ્યો પોસ્ટ કરી દીધા.

પોતાની સ્થિતિ સુધરતાં, ભારતેન્દુ એ મિત્રનું પાંચ રૂપિયાનું ઋણ ચુકવવા ગયા. કવિએ મિત્રને કહ્યું, 'ભાઈ, તમે મને એવા વખતે પાંચ રૂપિયાની સહાય કરી હતી કે અત્યારે હું તમને દરરોજ પાંચ પાંચ રૂપિયા ચૂકવું તો પણ તમારા એ ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી.' જવાબમાં મિત્ર એટલું જ બોલ્યા. 'જુઓ ભારતેન્દુ, હવે જો પૈસા આપવાની વાત કરશો તો આપણી આ દોસ્તીનો આજે છેલ્લો દિવસ માનજો.'

કવિ અને મિત્ર બેવની આંખો ભીંજાઈ.

# પાટનગરમાં હૃદયભીનું ઉપેન્દ્ર પર્વ

**તંત્રીસ્થાનેથી...**

જુલાઈ મહિનો એક તરફ મેઘરાજાની જુવાનીનો મહિનો છે તો બીજી તરફ એ કેટલાક ઉમદા રાજપુરુષોના જન્મદિવસોનો મહિમો પણ છે. શંકરસિંહ વાઘેલા, કેશુભાઈ પટેલ અને માધવસિંહ સોલંકી ઉપરાંત આનંદીબેન પટેલની જન્મતારીખ જુલાઈમાં જ આવે છે. આપણા લોકપ્રિય નેતાઓની સાથે જ સર્વાધિક લોકપ્રિય અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદી અને કવિતાઓના કવિ ઉમાશંકર જોશી જેવી વિભૂતિઓનું પ્રાગટ્યપર્વ પણ છે. બારે મેઘ ખાંગા થઈને વરસતા હોય છતાં ગુજરાતની અસ્મિતાના જયોર્તિધર ઉપેન્દ્ર ત્રિવેદીની ગેરહાજરીમાં પણ એમની વર્ષગાંઠ ઊજવવા રસિકજનો ત્રણ કલાકથી પણ વધુ સમય ફાળવે તે ગાંધીનગરની સંસ્કારિતાનું જ વણલખ્યું પ્રમાણપત્ર ગણાવું જોઈએ. ૧૪ જુલાઈ, ૧૯૩૭ના દિવસે ઈંદોરમાં જન્મેલા કુકડિયા ગામના આ કલાકારે શિક્ષણ તો ઈન્ટર સુધીનું જ લીધું હતું પરંતુ એનામાં ધબકતો બહુમુખી કલાકાર કિશોરવયથી જ કામણ પાથરતો રહ્યો તે ત્યાં સુધી કે નાટક અને સિનેજગતમાં ઉપેન્દ્ર ત્રિવેદીનું પર્યાયવાચી નામ 'અભિનય સમ્રાટ' બની રહ્યું. આ શીર્ષક હેઠળ એમણે પોતે જ લખેલું અને દિગ્દર્શિત કરેલું નાટક આપણા નાટકના ઈતિહાસનું એક આગવું સીમાચિહ્ન છે. આશ્ચર્યની વાત એ છે કે 'અભિનય સમ્રાટ' નાટક કે 'માનવીની ભવાઈ' જેવી ફિલ્મનું એમણે સક્રિય નેતાગીરી કરતા કરતા ઉચ્ચ સરકારી પદ પર રહેતા નિર્માણ કર્યું હતું. ઉપેન્દ્ર ત્રિવેદીની કારકિર્દી શિખર પર હતી ત્યારે એમને વતનનો 'અહાંગરો' જાગ્યો અને એ ધીકતી કમાણીવાળી ફિલ્મલાઈન અને જયાં એમનો ભર્યોભાદર્યો પરિવાર રહેતો હતો તે મુંબઈની માયાનગરી છોડીને વતનની માટીમાં ધરબાઈ જવાનો સંકલ્પ કર્યો. ભિલોડાના ધારાસભ્ય તરીકે ઉપેન્દ્ર ત્રિવેદીએ કરેલ કામગીરીને ગુજરાત જ નહીં સમગ્ર દેશના ધારાસભ્યોએ રોલમોડેલ સ્વરુપે સ્વીકારવી જોઈએ. રાજયનીતિશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના સંશોધકોએ 'ઉપેન્દ્ર ત્રિવેદી : એક જનપ્રતિનિધિ સ્વરુપે' જેવા વિષય પર રિસર્ચ કરવી જોઈએ. એ દુકાળિયાં વર્ષો દરમિયાન ઉપેન્દ્ર ત્રિવેદીએ વસુંધરાનાં વહાલાંદવલાં એ દુખિયારાં વનવાસીઓ વચ્ચે ધૂણી ધખાવીને જે વિકાસ કાર્યો કર્યા હતાં તે ઉપરાંત વતનના કવિ ઉમાશંકર જોશીની સ્મૃતિમાં પદયાત્રા તે એક આગવો વિક્રમ છે. તરસ્યા લોક માટે સરકારી યોજનાઓ મારફત એમણે પેય જળની સુવિધા ઊભી કરી આપી એથી નાટકનો આ 'વીર માંગડાવાળો' 'સાબરકાંઠામાં 'વીર પાણીવાળો' સ્વરુપે ઓળખાવા લાગેલો. છેલ્લા શ્વાસ સુધી કલા અને લોકસેવા વચ્ચે સમન્વયનો સેતુ સ્થાપવા મથતા રહેલા ઉપેન્દ્ર ત્રિવેદી સાચા અર્થમાં નાયક અને લોકનાયકનું સહિયારું દ્દષ્ટાંત બની રહ્યા હતા. આજે હયાત હોત તો એમને એક્યાશીમું વરસ બેઠું હોત. ખસાઈને ઊજળવા બનવાની રવિશંકર મહારાજની શિખામણનું એ જાજરમાન ઉદાહરણ હતા. એમની એંશીમી વર્ષગાઠે હિના ઉપાધ્યાય અને ભીખુ કવિ જેવા અદના ચાહકોએ એમના માનમાં એમની કારકિર્દીના અંશો સાંકળી લેતી ફિલ્મ દર્શાવીને તેમ જ એમના અંતેવાસીઓ જેવા મિત્રો દ્વારા એમનાં સંસ્મરણો વાગોળાવીને વિશિષ્ટ અંજલી આપી તે ગાંધીનગર સાહિત્યસભા માટે જ નહીં બલકે ગુજરાત માટે એક અનુકરણીય ઘટના ગણાશે. ઉપેન્દ્ર ત્રિવેદી સ્વર્ગમાં બેઠા બેઠા પણ એમના પરમ મિત્ર બાબુભાઈ મેઘજી શાહ અને ચિત્રકાર બાબુભાઈ સોનીનાં સંસ્મરણો પર મરક મરક હસતા હશે. લોકસાહિત્ય શિરોમણિ સર્જક શ્રી દોલત ભટ્ટની અધ્યક્ષતામાં ઊજવાયેલું આ ઉપેન્દ્ર સ્મૃતિ પર્વ અનેક દષ્ટિએ પ્રેરણાદાયી ગણાશે.

# જગતના 'પિતા' ઈશ્વર છે, તો પરિવારના 'ઈશ્વર' પિતા છે

પી.એમ. પરમાર

મા ઘરનું હૃદય છે તો પિતા ઘરનું મસ્તિષ્ક છે. મા લાગણીનો ધોધ છે તો પિતા સમાધાનનું સરોવર છે. મા ઘરની મમતા છે તો પિતા સમતા છે. મા ઘરની છત છે તો પિતા આખા ઘરનો મોભ છે. મા ઘરની શક્તિ છે તો પિતા સહનશક્તિ છે. અહીં માતા-પિતાની સરખામણી કે તુલના કરવાનો લેશ માત્ર આશય નથી, પણ જગતમાં મા વિશે જેટલું લખાયું છે તેટલું પિતા વિશે લખાયું નથી એ વિશે આપ સૌ સુજ્ઞ વાચકો સંમત થશો જ. પિતા પરિવારનો પાયો છે અને પાયાને રંગરોગાન થઈ શકતું નથી એ સૌ જાણે જ છે.

પિતા એક એવું પાત્ર છે જે બહારથી તો તમને કાયમ હસતું દેખાય પણ અંદરથી અને અંતરથી સદા મૂંઝવણમાં જ હોય. મા ગમે ત્યારે ગમે ત્યાં રડી શકે છે પણ પિતા પરિવારના દેખતા રડી શકતા નથી. પરિવારના હિતમાં પોતાનું રૂદન નથી એવું દરેક પિતા સમજે છે. એ કોઈને પણ ખબર ના પડે એમ એકાંત શોધીને છાનામાના રડી લે છે એટલે તો પિતાના આંસુની સાચી ખબર તો એમનાં ઓશીકાંને જ હોય છે.

હજુ સુધી આ દુનિયામાં એક પણ બાપ એવો પેદા નથી થયો કે કન્યા વિદાય વખતે રડ્યો ન હોય! એ રડતો જાય અને દીકરીને કહેતો જાય બેટા છાની રહે - લે આમાં તે કંઈ રડવાનું હોય ! કોણ કોને છાનું રાખે દીકરીની વિદાય વખતે દીકરી અને બાપનું આ આક્રંદ ભલભળાને રડાવી દે છે. એક બાજુ દીકરી વ્હાલનો દરિયો હોય છે અને એક બાજુ પ્રેમનો પાલક પિતા હોય છે. આ બાપ-દીકરાંનાં આંસુઓનું વજન કરે એવો કાંટો હજુ દુનિયામાં શોધાયો નથી અને ટાટા, બિરલા, અદાણી-અંબાણી આ ચારેયની સંપત્તિ ભેગી કરોને તો ય આંસુઓનાં મૂલ ચૂકવી શકાતાં નથી. કારણ બાપ બિમાર પડે ત્યારે પોતાનું બધું પડતું મૂકી દીકરી દોડી દોડી આવે છે : શું થયું પપ્પા ? તબિયત કેમ સાચવતા નથી ? લો આ દવા... સૌ સારાં વાનાં થઈ જશે. દીકરી આવતાંની સાથે જ ચમત્કાર થાય છે. પપ્પા સાજા થઈ જાય છે!

ન આવ્યાં આંખમાં આંસુ, વ્યથાને લાજ રાખી છે;
દવાની ગઈ અસર જયારે, દુવાએ લાજ રાખી છે.

પણ હવે આજે... આજની નવી પેઢીને મા-બાપ પાસે બેસવાની ઘડીની ય ફુરસદ નથી. જે છોકરાને આંગળી પકડી બાપ રોજ નિશાળે મૂકવા જતા તે જ બાપને આંગળીથી ચૂપ થવાના ઈશારા છોકરો કરતો થઈ ગયો છે. જે ઘર માટે જાત ઘસી નાખી તે જ ઘરમાંથી છોકરો આજે બાપને ઘરડાઘરમાં મૂકી આવ્યો છે.

કેટલું પરવશ જીવન છે, શહેરમાં આખર સુધી;
ઘોડિયાઘરથી લઈને છેક ઘરડાઘર સુધી.

પહેલાં સંતાનો માબાપને પગે લાગતાં આજે માબાપ સંતાનોને પગે પડે છે. બસ કરો હવે બાપલિયા... હું રોજરોજ તમારા જમીન તો કયાંથી લાવું ? હવે ભગવાન ઉપાડી લે તો સારું. પરદેશમાં રહેતા દીકરાને પોતાની પત્ની સિવાય હવે બીજું કશું દેખાતું નથી અને અહીં દેશમાં સાથે રહેતા દીકરાઓને બાપની સંપત્તિ સિવાય બીજું કશું જ દેખાતું નથી. તૂટેલી ચંપલ ને ફાટેલી બંડી ભૂલી જવાય છે. સાચું કહ્યું છે : અહીં કોઈનું કોઈ નથી, કોઈ કોઈનું નથી. સંતાનોને એટલા બધા લાયક ન બનાવતા કે એ તમને નાલાયક સમજે.

બાપુજી, પિતાજી, પપ્પા, ડેડીને હવે છોકરા 'ડેડ' કહેતાં થઈ ગયા છે. અંગ્રેજીમાં ડેડ એટલે શું ? બધા જ જાણે છે તમે પાંખો કાપીને આભ અકબંધ રાખ્યું, એનું તે નામ સંબંધ રાખ્યું. પિતાને પિતા જ માનો. દીકરા પણ ભવિષ્યમાં પિતા તો તો છે...

# શિક્ષક - અધ્યાપકોની સજ્જતા : એક પ્રાણપ્રશ્ન



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ચાણક્યએ ભલે કહ્યું હોય કે 'શિક્ષક કભી સામાન્ય નહી હોતા' પણ હું આ વાક્ય સાથે સંપૂર્ણપણે સહમત નથી થતો. કેમ કે આજે મેં એવા અસંખ્ય શિક્ષકો ને અધ્યાપકોને જોયા છે કે જેઓ સામાન્યથી પણ વિશેષ રીતે સામાન્ય છે. ગુજરાતમાં આજે ઠેર ઠેર ચર્ચાઓ થતી રહે છે કે શિક્ષણનું સ્તર નીચે ઊતરતું જાય છે. અને આપણે સૌ જાણીએ છીએ પણ ખરા કે કોઈપણ રાજ્ય કે દેશના વિકાસ માટે શિક્ષણની મહત્વની ભૂમિકા હોય છે. પણ આપણે ત્યાં અત્ર તત્ર સર્વત્ર શિક્ષા કે જ્ઞાન કરતા માર્કશીટ કે ડિગ્રીનું મૂલ્ય વધુ છે. અને આ માર્કશીટ કે ડિગ્રી કંઇ રીતે મજબૂત બને છે એ પણ આપણે સૌ જાણીએ છીએ.

આજે શિક્ષણ ક્ષેત્રે દરેક રાજ્યોમાં માતૃભાષામાં લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થઈ રહ્યા છે. પરિણામે કૉલેજોમાં ભાષાના વિષયો બંધ થઈ રહ્યા છે. શિક્ષકો-અધ્યાપકો ફાજલ બની રહ્યા છે. આમ છતાંય આ સમસ્યાના મૂળ સુધી જવાની કેમ કોઇ વિચારણા નથી કરતું એ જ સૌથી મોટું આશ્ચર્ય છે.

ખરેખર તો ભારત દેશમાં વિશ્વની સૌથી મોટી વસ્તીની શિક્ષણપ્રથા અમલી છે. પરંતુ આપણા સૌના સહિયારા પ્રયાસથી આ પ્રથા નિષ્ફળ બની રહી છે. જે પહેલાના વૈદિકયુગમાં શિક્ષણપ્રથા હતી તે આખા વિશ્વમાં હજીયે વખણાય છે પરંતુ આજે આપણી શિક્ષણ પ્રથા પોતાનો પ્રભાવ સ્થાનિક કક્ષાએ પણ ગુમાવી રહી છે. કેમ કે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, કોલેજ અને યુનિવર્સિટી તથા સંશોધનાત્મક – સર્જનાત્મક શિક્ષણ સુધીના સ્તરોના મૂળિયા એકબીજા સાથે ગૂંથાયેલા છે. આ સ્તરોમાંથી એકાદ સ્તર પણ જો નબળું રહી જાય તો શિક્ષણની આખી સાંકળ તૂટી પડે છે. આપણે ત્યાં પ્રાથમિક કક્ષાએથી જ બાળકના ભવિષ્યનું ધ્યાન રાખવામાં આવતું નથી. પ્રાથમિક શિક્ષણમાં જ પાયાના પ્રશ્નો છે. આજે એવા કેટલાય નાના નાના ગામડાઓ છે કે જ્યા સુધી હજીયે શિક્ષણ પહોંચ્યું નથી. અને આજે ય એવી સ્કૂલો અસ્તિત્વમાં હશે કે જે મકાન તો હશે પણ ત્યા બાળકો ભણવા નહી આવતા હોય. અથવા બાળકો આવતા હશે તો કોઇ શિક્ષક નહી આવતા હોય. સ્કૂલ અને શિક્ષક બન્ને હશે તો વાલીઓ બાળકોને સ્કૂલે નહી મોકલતા હોય. આવી સ્થિતિમાં શિક્ષણની ગૂણવત્તા સુધારવા કરતા પહેલા શિક્ષણને સર્વવ્યાપી બનાવવું ખુબ જરૂરી બનતું હોય છે. વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવીને એમના બાળકોને સ્કૂલે આવતા કરવાની તાતી જરૂર છે. ભારતમાં ૧૪ વર્ષ સુધીના બાળકોનું શિક્ષણ ફરજિયાત છે છતાંય લાખો કરોડો બાળકો સ્કૂલે જતા નથી. એ પણ હકિકત છે.

એક વખત સરકારી શિક્ષક બની ગયા પછી મોટાભાગના શિક્ષકોની માનસિકતા જ બદલાઈ જાય છે. સુરક્ષિતતાની ભાવના આવી જતા અભ્યાસ કરવાની સજ્જતા ધીમે ધીમે ગુમાવી બેસે છે. વળી સરકાર પણ શિક્ષકોની ભરતી કરીને જાણે કે પોતાની જવાબદારી પૂરી થઈ હોવાનું માને છે પરંતુ આ નવા શિક્ષકો ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓને શું ભણાવે છે ? કેવું ભણાવે છે ? કેવી રીતે ભણાવે છે ? એની કોઇ તપાસ થતી નથી. બસ માત્ર છ્ પાસ કરી ગયા તે શિક્ષક. બીએડ, એમ.એડમાં આજ સુધી કોઇ નાપાસ થયાનું જાણમાં નથી. કેમ? શું આ બન્ને અભ્યાસક્રમોમાં પ્રવેશ લેનાર બધા જ શિક્ષક થવાને લાયક હોય છે ? ખરેખર તો આ શિક્ષક બનાવવાની આખી સિસ્ટમ જ ધળમૂળથી બદલવાની જરૂર છે. કેમ કે શિક્ષક એટલે ''એક નવા ખીલતા કોમળ ફૂલને સુગંધી બનાવે છે, બાળકને એની માતૃભાષાનો પહેલો અક્ષર ''ક'' શીખવે છે. અક્ષરજ્ઞાન એ નવું જીવન છે. બાળકનું આખું માનસ – હદય બધું જ સાવ ખાલી છે. આ બધું જ પ્રાથમિક શિક્ષકે એમાં ભરવાનું હોય છે. પરંતુ આજે પ્રાથમિક શિક્ષકોને શિક્ષક બન્યા પછી કોઈ તાલીમ આપવામાં આવતી નથી. કોઈ ચકાસણી કરવામાં આવતી નથી, એની વિષય સજ્જતાનું જ્ઞાન માપવાની કોઈ સિસ્ટમ કે સાધન આપણી પાસે નથી. બસ માત્ર એને સીધા બાળકો સામે ક્લાસમાં મૂકી દેવામાં આવે છે. તો વળી કોલેજ કક્ષાએ પણ એવું જ કૈંક છે. અગાઉ યુજીસીએ નક્કી કરેલું મેરિટ યેનકેન પ્રકારેણ બનાવી નાખ્યું એટલે અધ્યાપક... નિયમ મુજબ જોઇતા ટકાની માર્કશીટ અને યુનિવર્સિટીના નિયત કરેલા મેરિટની ગોઠવણ. બસ, આમ જ પ્રાથમિકથી લઇને કૉલેજ સુધીના શિક્ષણની આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. નવાસવા બનેલા અધ્યાપક ક્લાસરૂમમાં ૫૫ મિનિટ શું બોલે છે ? શું ભણાવે છે ? કેવી રીતે ભણાવે છે ? સાચું કે ખોટું ભણાવે છે ? એની ખાત્રી કોણ કરશે ? કોલેજના અધ્યાપકની જવાબદારી કેટલી મોટી છે એ અધ્યાપકો સરખી રીતે જણાવવાની જરૂર છે. એમણે કૉલેજમાં યુવાનોની એક આખી ટીમ તૈયાર કરવાની હોય છે. એમની માનસિકતાને આખરી ઓપ આપવાનો હોય છે. એમને જીવનની નવી રાહ બતાવવાની હોય છે. જીવનના આવનાર સંઘર્ષ સામે હિંમતપૂર્વક લડવાની પ્રેરણા આપવાની હોય છે. જીવનને બન્ને તરફથી જોવાની સમજણ આપવાની હોય છે. પ્રેમ, સંવેદના, સમભાવ અને એકતા જેવા ગૂણોનો વિકાસ કરવાનો હોય છે. અધ્યાપક એટલે માત્ર બે ચાર કલાક નિયત થયેલો અભ્યાસક્રમ ભણાવી દેવો એ નથી. પરંતુ આજે ખુબ જ દુઃખ સાથે કહેવું પડે છે કે મોટાભાગના અધ્યાપકો માત્ર ડિગ્રી અને મેરિટ બનાવીને બનાવીને અધ્યાપક તો બની જાય છે. પણ જો આવા અધ્યાપકોની ફરીથી એમ.એ.ની પરીક્ષા લેવામાં આવે તો તેમાંય ઘણા અધ્યાપકો નાપાસ થાય એમ છે. ઘણાયને પોતાના પીએચ.ડીનો વિષય પણ યાદ નહી હોય. પોતે શું સંશોધન કર્યું છે એનું જ્ઞાન નથી. પોતાના વિષયનું પણ પૂરતું જ્ઞાન નથી. ક્લાસમાં ૫૦ થી ૧૦૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપવું એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. તો પછી અધ્યાપકોની નિરંતર –સમયાંતરે કસોટી કેમ નહીં ? જો સમય સમય પર સરકાર અધ્યાપકોના પગાર વધારે તો અધ્યાપક એની સજ્જતા કેમ ના વધારે ? પરંતુ આપણી સિસ્ટમની એ કરૂણતા છે કે શિક્ષણમાં માત્ર માર્કશીટ અને ડિગ્રીનું મૂલ્યાંકન થાય છે જ્ઞાનનું નહીં. ખરેખર તો જે શિક્ષણ આપવાનું છે તે માર્કશીટ કે ડિગ્રીથી નથી આપવાનું. પણ અધ્યાપકની આંતરિક સજ્જતાથી, એના સંસ્કારથી, સમજણથી, આપવાનું છે. પરંતુ આપણે ત્યા આની કોઇ પરવા નથી. આજે ગુજરાતમાં ઘણા એવા અધ્યાપકો હશે કે જેઓ કોલેજ તો જતા હશે પણ વર્ષોથી ક્લાસરૂમમાં ગયા જ નહી હોય. અથવા એમના બદલે બીજું કોઇ જઇને ક્લાસ લઇ આવતું હશે. સાબરકાંઠાની એક કૉલેજમાં મારા એક અધ્યાપક મિત્ર છેલ્લા વીસેક વર્ષથી ગુજરાતીના અધ્યાપક છે અને તેઓ મને ગૌરવપૂર્વક કહે છે કે '' કનૈયાલાલ, હું ક્લાસમાં એક નવલકથા છેલ્લા પાંચ વર્ષથી ભણાવું છું પણ હજી સુધી મેં એ નવલકથા આખી વાંચી નથી, બોલો. '' હવે જે અધ્યાપક આને ગૌરવની વાત ગણી શકે તો એમના ક્લાસના વિદ્યાર્થીઓના ભાવિનું શું ? આજે ક્યા ભાષાના અધ્યાપકે દર વર્ષે એકાદ સંશોધનાત્મક પુસ્તક પ્રગટ કર્યું કે વિજ્ઞાનના શિક્ષકે કોઇ નવું સંશોધન કર્યું કે કૉમર્સના અધ્યાપકે અર્થશાસ્ત્રને નવી દિશા આપી ? વર્ષોથી જે અભ્યાસક્રમોમાં આવે છે તેને પણ પૂરું વાંચ્યાં વિના આખું વર્ષ કોલેજમાં ગમે તેમ કરીને ભણાવી દેવું એ અધ્યાપકીય

અનુસંધાન પાના નં. ૭ પર

# શું પૃથ્વી પર થશે વધુ એક 'મહાવિનાશ'?!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

વોટ્સઅપ અને ફેસબુક જેવા સોશિયલ મીડિયા પર દરિયાના કાંઠે વસેલા મુંબઈ, સિંગાપોર, પેરીસ, ન્યુયોર્ક જેવા શહેરોની આજથી ૧૫ કે ૨૫ વર્ષ પછીની પરીશ્થીતી દર્શાવતી કાલ્પનિક પણ અતિ ભયાનક તસ્વીરો સમયાંતરે મેં અને તમે બધાએ જોઈ હશે કે જેમાં મુંબઈ ને દરિયો કેટલો ગળી જશે કે ન્યુયોર્કની પ્રખ્યાત શેરીઓ દરિયામાં ગરકાવ થઈ જશે કે પછી પેરીસ દરિયામાં કેટલું ગરકાવ થઈ જશે એની કાલ્પનિક તસ્વીરો બતાવવામાં આવે છે. ભલે એ જોઈને તમને એમ થયું હોય કે ના ના આ તો કોઈ ચક્રમ ભેજાની મજાક-મશ્કરી લાગે છે, આવું તો કશું જ થવાનું છે નહિ. તો સબૂર... સાવધાન... હોશિયાર... ખબરદાર. વૈજ્ઞાનિકોની લેટેસ્ટ ચેતવણી એવું કહે છે કે આ ભયાનક તસ્વીરો જેવો માહોલ બનતા બહુ સમય નહિ લાગે. ઈનફેક્ટ લેટેસ્ટ વૈજ્ઞાનિક રીપોર્ટ તો એનાથી પણ એક ડગલું આગળ વધીને એવું કહે છે કે પૃથ્વીનો મહાવિનાશ કે સર્વનાશ હવે બહુ દુર નથી...! ઈટ મીન્સ કે દરિયો ગળે કે ના ગળે પણ પૃથ્વી ખુદ જ મહાવિનાશના આરે પહોચીને ખતમ થઈ શકે છે...!

લગભગ ૪ અબજ વર્ષ જૂની આ ધરતી પર અત્યાર સુધીમાં પાંચ મહાવિનાશ થઈ ચુક્યા છે. મહાવિનાશ મતલબ કે સમ્પૂર્ણ અસ્તિત્વની નાબુદી અથવા તો ધરતી પર રહેલી સૌથી વધુ સંખ્યા ધરાવતી પ્રજાતિનો સર્વનાશ. આગલા પાંચ સર્વવિનાશના કારણો મહદઅંશે પ્રાકૃતિક રહેલા જેમકે કુદરતી આફતો, ધરતીકંપ, પુર કે પછી હોનારત, પણ છઠ્ઠા મહાવીનાશનું કારણ ખુદ મનુષ્ય જ બનવાનો એ નક્કી છે આવું હું નહિ પણ વૈજ્ઞાનિકોનું માનવું છે. જાનવરો માટે સુરક્ષિત સ્થળોની અછત છઠ્ઠા મહાવીનાશનું મુખ્ય કારણ બનવાનું છે અને એનું કારણ છે મનુષ્યોએ કરેલા જાનવરોના પ્રદેશોમાં પગપેસારા.વૈજ્ઞાનિકો તો કહેવા માંડ્યા જ છે કે દુનિયા ખત્મ થઈ જશે એ ઘટનાનું ફાઈનલ કાઉન્ટ ડાઉન શરુ થઈ ચુક્યું જ છે. ઉલટી ગિનતી યુ કનો...!

શરૂઆતમાં લખ્યું એ દરિયાના કાંઠે વસેલા મહાનગરો પાણીમાં ગરકાવ થઈ શકે છે એવું સાચું માનવું પડે એવો એક બનાવ હમણા જ બન્યો છે. એન્ટારકરટીકા ખંડમાં રહેલો ચોથા સૌથી મોટા આઈસબર્ગ લાર્સેન સી નો અરબો ટન વજનનો એક મસમોટો ભાગ અલગ થઈ ગયો છે. આ હિમખંડનો આકાર ૫ હજાર ૮૦ વર્ગ કિલોમીટર છે, જે ભારતની રાજધાની દિલ્હીના આકાર કરતાં ચાર ગણો મોટો છે. જોકે એની અસર ક્યા, ક્યારે અને કેટલી થશે એ કોઈને ખબર નથી પણ અત્યારે તો વૈજ્ઞાનિકો તથ્યો અને આધારોની મદદ લઈને નિષ્કર્ષ પર આવ્યા છે કે આ હિમખંડના ભાગ થવાથી ઓવરઓલ દરિયાના સ્તરમાં ૧૦ સેન્ટીમીટરનો વધારો થશે. દરિયાના સ્તરમાં વધારો થવાથી આંદમાન અને નિકોબારના અનેક ટાપુ અને બંગાળની ખાડીમાં સુંદરવન જેવા ભાગ ડૂબી શકે છે. જો કે અરબ સાગરની જેમ તેની અસર ઓછી હશે પરંતુ લાંબા સમયે તેની અસર વર્તાશે. ૭ હજાર ૫૦૦ કિમી જેટલો લાંબો દરિયાકાંઠો ધરાવતા અને એ કાંઠા પર વસેલા અનેક મહાનગરો ધરાવતા ભરાત માટે આવા વિશાળ હિમખંડોને લીધે વધતી દરિયાની સપાટી ચોક્કસપણે ચેતવણી અને ખતરારૂપ છે જ કેમકે એનાથી આપણા અનેક શહેરો અને દરિયાકાંઠો ભયમાં આવી જશે. ઓહ માય ગોડ...!

ઓકે, બેક ટુ મહાવિનાશ...! નેશનલ એકેડમી ઓફ સાઈન્સીઝના ન્યુયોર્ક ટાઈમ્સમાં છપાયેલા એક અહેવાલે અત્યારે તો દુનીયાવાસીઓની અને ખાસ કરીને વૈજ્ઞાનિકોની ઊંઘ ઉડાડી દીધી છે. આ અહેવાલમાં કહેવાયું છે કે વિશ્વમાં ઘટતી જતી જાનવરો અને પક્ષીઓની અનેકો પ્રજાતિઓ અને સંખ્યા પરથી એ અનુમાન લગાવી શકાય છે કે પૃથ્વી મહાવિનાશ તરફ વધી રહી છે. વાંચવામાં અજીબ લાગે એવું આ કારણ છે પણ અહેવાલમાં એના તર્કબદ્ધ આંકડાઓ અને તથ્યો પણ આપેલા છે. અહેવાલ કહે છે કે પાછલા ૧૦૦ વર્ષોમાં લગભગ ૨૦૦ પ્રજાતિઓ ખત્મ થઈ ગઈ છે જ્યારે આગલા ૨૦ લાખ વર્ષોમાં ખતમ થયેલી પ્રજાતિઓની સંખ્યા સામાન્ય રીતે દર ૧૦૦ વર્ષે ૨ ની હતી મતલબ કે પાછલા ૧૦૦ વર્ષોમાં વિલુપ્ત થઈ જતી પ્રજાતિઓની સંખ્યામાં ખાસો વધારો નોંધાયો છે (અહી પ્રજાતિ એટલે મનુષ્ય સિવાયના પ્રાણીઓ-પક્ષીઓ-જંતુઓ વગેરે ગણવા). જેમકે આફ્રિકી સિંહોની વસ્તીમાં ૧૯૯૩ થી અત્યાર સુધીમાં ૪૩% જેટલો ઘટાડો નોંધાયો છે તો ચિત્તા ની સંખ્યા ઘટીને ૭ હજાર જેટલી જ રહી ગઈ છે. અહેવાલ કહે છે કે ધરતી પર સતત વધતી જતી મનુષ્યોની વસ્તીને લીધે અને મનુષ્યો દ્વારા સરેઆમ પશુ-પંખીઓ માટે અગત્યના જંગલો કાપવા, દરિયામાં કબજો કરવા જેવા પર્યાવરણને નુકશાન કરતા કામોને લીધે આવી પ્રજાતિઓ નાશ પામી રહી છે. વૈજ્ઞાનિકો આને ' મહામારી ' ગણાવે છે. એમનું કહેવું છે કે છઠ્ઠો મહાવિનાશ શરુ થઈ ચુક્યો છે અને પ્રજાતિઓની ઘટતી જતી સંખ્યા એ મહાવીનાશનો એક હિસ્સો બની રહેશે. ઈન શોર્ટ અહેવાલનું એવું કહેવું છે કે પર્યાવરણને થઈ રહેલા ગંભીર નુકશાનને લીધે ધરતીનો અંત નજીકમાં છે...!

એ તો કોઈને ચોક્કસ ખબર છે જ નહિ કે દુનિયા ક્યારે અને કેવી રીતે ખતમ થશે અથવા તો થશે કે નહિ. સમયે સમયે આવી ભવિષ્યવાણીઓ આવતી રહેતી હોય છે અને લકીલી હજુ સુધી એકેય આગાહી સાચી નથી પડી જોકે આ અગાઉ થયેલા પાંચ મહાવીનાશને પહેલા વૈજ્ઞાનિકો પણ નહોતા માનતા પણ પછીથી એમણે પણ સ્વીકાર્યું કે પૃથ્વી પર મહાવીનાશો અગાઉ પણ થઈ ચુક્યા છે. ઈવન બધા ધર્મોના ગ્રંથોમાં પણ પૃથ્વી પર આવનારા પ્રલય વિષે લખેલું જ છે. નેશનલ એકેડમી ઓફ સાઈન્સીઝે તૈયાર કરેલું આ રીસર્ચ પેપર બની શકે માત્ર શક્યતા દર્શાવતું હોય પણ એ શક્ય છે એવા પ્રમાણો પણ આપે જ છે. જો કે આ અહેવાલમાં બતાવેલું મુખ્ય કારણ પૃથ્વીના વિનાશનું એક કારણ ચોક્કસ બનવાનું એ નક્કી છે અને એ છે પર્યાવરણ. ચોમાસામાં તાપ અને શિયાળામાં વરસાદ એવી વિચિત્ર મૌસમી પરીશ્થીતી જેના પાપે નિર્માણ થઈ છે એ ગ્લોબલ વૉમિંગ એ આપણા દ્વારા પર્યાવરણ ભંગ કરીને પેદા કરેલો ભસ્માસુર જ છે એમાં કોઈ બેમત નથી જ. આવનારા દિવસોમાં પીવાના પાણીની અછત,

અનુસંધાન પાના નં. ૭ પર